A.NN- A

પારુલ આરોગ્ય સેવા મંડળ ધ્વારા અમદાવાદ
ખાતે શરુ કરનાર હોમીઓપેથીક મેડીકલ
કોલેજને માન્યતા આપવા બાબત :-

ગુજરાત સરકાર,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : એચએમસી/૧૦૯૨/૨૨૫૨/છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૪/૬/૧૯૯૩.

વંચાણે લીધો :

(૧) ગુજરાત હોમીઓપેથીક કાઉન્સીલનો તારીખ.૧૫/૬/૧૯૯૨ નો પત્રક્રમાંક :- જીએચસી-હોમ.કોલેજ-૨૯૪-૯૨.

//ઠ રા વ//

ગુજરાત હોમીઓપેથીક અધિનિયમ-૧૯૬૩ ની કલમ ૨૮(૪)ની જોગવાઇને અનુલક્ષીને પારુલ આરોગ્ય સેવા મંડળ અમદાવાદ ધ્વારા શરુ કરનાર હોમીઓપેથીક મેડીકલ કોલેજને સને ૧૯૯૩-૯૪ ના શૈક્ષણિક વર્ષથી ડીએચએમએસનો અભ્યાસક્રમ કામચલાઉ ધોરણે શરુ કરવા નીચે મુજબની શરતોએ માન્યતા આપવાનું ઠરાવવામાં આવે છે.

(૧) પારુલ આરોગ્ય સેવા મંડળને અમદાવાદ શહેરમાં સને ૧૯૯૩-૯૪ ના શૈક્ષણિક વર્ષથી પ્રથમ વર્ષ ડીએચએમએસ (ડિપ્લોમા) અભ્યાસક્રમ ચલાવવા માટે ૫૦ વિદ્યાર્થીઓની પ્રવેશ સંખ્યા સાથે હોમીઓપેથીક મેડીકલ કોલેજ શરુ કરવા હંગામી મંજુરી આપવામાં આવે છે.

(૨) રાજ્ય સરકારના હોમીઓપેથીક મેડીકલ કોલેજોમાં પ્રવેશ અંગેના નિયમોના ન્યુનત્તમ ધોરણો સંસ્થાએ જાળવવાના રહેશે તે શરતે પ્રવેશ અંગેની કામગીરી સંસ્થાનું સંચાલક મંડળ કરશે.

(૩) સંસ્થાને કોઇપણ જાતનું સહાયક અનુદાન આપવામાં આવશે નહીં.

(૪) સેન્ટ્રલ કાઉન્સીલ ઓફ હોમીઓપેથીક, નવી દિલ્હીની માન્યતા સંસ્થાએ પોતે જ શૈક્ષણિક વર્ષ દરમ્યાન મેળવવાની રહેશે અને સેન્ટ્રલ કાઉન્સીલની મંજુરી મળ્યા પછી જ સંસ્થાના વિદ્યાર્થીઓને ગુજરાત હોમીઓપેથીક કાઉન્સીલમાં એન્રોલમેન્ટ આપવામાં આવશે.

//-૨..

(૫) જરુરી તમામ સગવડો ઉભી કરીને તે અંગેનું પ્રમાણપત્ર કાઉન્સીલ ઓફ હોમીઓપેથી સિસ્ટમ ઓફ મેડીસીન ગુજરાત રાજય, અમદાવાદ પાસેથી મેળવ્યા પછી જ શિક્ષણ કાર્ય શરુ કરી શકાશે;

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જી. એ. શાહ)
નાયબ સચિવ,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.

પ્રતિ,

/// માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી,
/// માન.મંત્રીશ્રી, આરોગ્ય તેમજ માન.રાજયમંત્રીશ્રી આરોગ્યના અંગત સચિવશ્રીઓ.
/// નિયામકશ્રી, ભારતીય તબીબી અને હોમીયોપેથી પધ્ધતિ, ગાંધીનગર.
/// રજીસ્ટ્રાર, ગુજરાત હોમીઓપેથીક કાઉન્સીલ, ઓપીડી બિલ્ડીંગ, સીવીલ હોસ્પિટલ, અમદાવાદ.
/// મદદનીશ નિરીક્ષક, સ્થાનિકભંડોળ હિસાબ, અમદાવાદ.
/// સચિવશ્રી, સેન્ટ્રલ કાઉન્સીલ ઓફ હોમીઓપેથી, ૧૦, કોમ્યુનીટી સેન્ટર, વસંતલોક, વસંત વિહાર, નવી દિલ્હી-૧૧૦૦૫૭.
/// જીલ્લા આયુર્વેદ અધિકારી, અમદાવાદ.
/// પ્રમુખશ્રી, પારુલ આરોગ્ય સેવા મંડળ, કોઠી ચાર રસ્તા, વડોદરા.
/// સીલેકટ ફાઇલ, મદદનીશ સીલેકટ ફાઇલ.

'દિપક'૨૪૬૯૩/સ્ટે.

NOTARIAL NOTARIAL

NOTARY GOVT. OF INDIA KALPNA CHHOTALAL BHATT AHMEDABAD REGD. No. 7936 EXPIRY DATE

**ENGLISH TRANSLATION**

ANN-A

For Reorgnization of
Homoeopathic Medical College
Run by Parul Arogya Seva Mandal, Ahmedabad.

Govt.of Gujarat
Health & Family Welfare Dept.
Resolution No.HMC/1092/2252/Chh,
Sachivalay,Gandhinagar
Date:24/06/1993

Reference: (1) Letter No.GHC/Hom. college,294-92 of Gujarat Homoeopathy Council, dated 15/06/1992

**//Resolution//**

Parul Arogya Seva Mandal is allowed to start DHMS Course in Homoeopathic Medical College from Academic year 1993-94 on temporary basis according to provision of Gujarat Homoeopathic sub rule 1963 Act 28(4) with following conditions.

1. Permission has been given to start Homoeopathy Medical college by Parul Arogya Seva Mandal for 1st DHMS (Diploma) Course at Ahmedabad with intake capacity of 50 students on temporary basis.
2. Institution should follow the minimum criteria of admission laid down by Government in Homoeopathy Medical College & admission will be done by the college management according to the procedure of admission.
3. The Institution will not be given any fund or grant from the Government.
4. The Institution should get permission from Central Council of Homeopathic, New Delhi during academic year and after Central Council's approval institution will allow enrollment of students in Gujarat Homoeopathic Council.

Serial No. 0890 2018

NOTARY
GOVT. OF INDIA
17 JUL 2018

//2//

5. The Homoeopathic College will create all necessary facilities as required by council of Homoeopathic System of Medicine, Gujarat State, Ahmedabad & only after that academic work will start.

**By order and in the name of the Governor of Gujarat.**

**S/d**
G.A.Shah
Deputy Secretary
Health & Family Welfare

To,

- Personal Secretary to Chief Minister
- Personal Secretary to Health Minister & Cabinet Minister (Dept.of Health)
- Director,Indian Health & Homoeopathic System,Gandhinagar
- Registrar,Gujarat Homoeopathic Council,OPD Building,Civil Hospital,Ahmedabad.
- Supportive Observer,Local Customs Dept,Ahmedabad
- Secretary,Central Council of Homoeopathy 10 Community Centre,Vasant lok,
- Vasant Vihar, New Delhi-110057. ,New Delhi
- District Ayurvedic Officer,Ahmedabad
- President,Parul Arogya Seva Mandal,Kothi char rasta,Vadodara.
- Select File,Asst. Select File

This is the True & Correct
Translation of the Original document
from Gujarati / ~~Hindi Into~~ English
Whish Produce before me.
NOTARY

'Dipak' 24693/Stay

17 JUL 2018

Page No. 02
Compered by me
Identified by me
Advocate Name

NOTARY KALPNA CHHOTALAL BRAHMBHATT AHMEDABAD REGD. No. 7936 EXPIRY DATE 19/5/2020 GOVT. OF INDIA

NOTARY KALPNA CHHOTALAL BRAHMBHATT AHMEDABAD REG. NO. 7936 GOVT. OF INDIA

ANN-6

576
12/1/96

અમદાવાદ હોમીઓપેથીક મેડીકલ કોલેજ,
અમદાવાદને પ્રથમ વર્ષ બી.એચ.એમ.એસ.
અભ્યાસક્રમ, માન્યતા બાબત.

ગુજરાત સરકાર,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:એચએમસી/૧૦૯૨/૨૨૫૨/છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ 12 JAN 1996.

વંચાણમાં લીધા :- (૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૨૪/૬/૯૩નો ઠરાવ ક્રમાંક : એચએમસી/૧૦૯૨/૨૨૫૨/છ.
(૨) શિક્ષણ વિભાગનો તા.૪/૧૨/૯૫નો ઠરાવ ક્રમાંક : ઉગજ/૧૫૯૫/૫૧૫૬/ચે.૨૩/૯૫/ખ.
(૩) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક :ઉગજ/૧૫૯૫/૫૧૫૬/ચે.૨૩/૯૫/ખ, તા.૯/૧૨/૯૫

// આમુખ //

અમદાવાદ હોમીઓપેથીક મેડીકલ કોલેજ, અમદાવાદ ધ્વારા સને ૧૯૯૩-૯૪ના શૈક્ષણિક વર્ષથી ડિપ્લોમા કોર્ષ ડી.એચ.એમ.એસ. અભ્યાસક્રમ શરુ કરવા માટેની માન્યતા સેન્ટ્રલ કાઉન્સીલ ઓફ હોમીઓપેથીકની અનુમતિ મેળવી લેવાની શરતે રાજય સરકાર ધ્વારા આપવામાં આવી હતી. અમદાવાદ હોમીઓપેથીક મેડીકલ કોલેજ, અમદાવાદધ્વારા ડિપ્લોમામાંથી ડીગ્રી કોર્સમાં રુપાંતર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. શિક્ષણ વિભાગ તરફથી અમદાવાદ હોમીઓપેથીક મેડીકલ કોલેજ, અમદાવાદને ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સાથેના જોડાણની સૈધ્ધાંતિક અનુમતિ આપતાં હુકમો આમુખમાં દર્શાવેલ અધિસૂચના અન્વયે કરવામાં આવેલ છે. અમદાવાદ હોમીઓપેથીક મેડીકલ કોલેજ, અમદાવાદને ૧૦૦ બેઠકોની પ્રવેશ સંખ્યા સાથે પ્રથમ વર્ષ બી.એચ.એમ.એસ.નો અભ્યાસક્રમ જાન્યુઆરી-૯૬ થી શરુ કરવાની માન્યતા આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

પાન...૨

// ઠ રા વ //

સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાને અંતે અમદાવાદ હોમીયોપેથીક મેડીકલ કોલેજ, અમદાવાદને ૧૯૯૫-૯૬ના શૈક્ષણિક વર્ષથી ૧૦૦ બેઠકોની પ્રવેશ સંખ્યા સાથે પ્રથમ વર્ષ બી.એચ.એમ.એસ.નો અભ્યાસક્રમ જાન્યુઆરી-૯૬ થી શરુ કરવાની માન્યતા નીચેની શરતોને આધિન રહીને આપવામાં આવે છે.

૧) અમદાવાદ હોમીયોપેથીક મેડીકલ કોલેજે ૧૦૦ બેઠકો માટેની સેન્ટ્રલ કાઉન્સીલ ઓફ હોમીયોપેથીકની જરુરી મંજૂરી મેળવી લેવાની રહેશે.

૨) પ્રવેશ માટેની જાહેરાતમાં એવો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે કે સંસ્થા પ્રવેશની કામગીરી માટે કાયદા મુજબની બધી જ મંજૂરી/માન્યતા ધરાવે છે.

૩) સેન્ટ્રલ હોમીયોપેથીક કાઉન્સીલની માન્યતા ન મળે અને વિદ્યાર્થીઓની ફી પરત કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે અંગેની તથા પ્રવેશને કારણે ઉભી થતી તમામ જવાબદારી કોલેજની રહેશે.

૪) આ ડીગ્રી અભ્યાસક્રમ ચલાવવા માટે માન્યતા આપતાં સંસ્થા/કોલેજ માટે હાલ તથા ભવિષ્યમાં કોલેજના સંચાલન માટે કર્મચારીઓના પગાર-ભથ્થા સહિત તમામ ખર્ચ સ્વભંડોળમાંથી ભોગવશે અને સરકારશ્રી પાસેથી કોઇ અનુદાનની માંગણી કરશે નહી.

૫) સરકારશ્રી તથા યુનિવર્સિટી ધ્વારા મુકવામાં આવેલ તમામ શરતોનું પરિપાલન સંસ્થાએ નિયત સમયમર્યાદામાં કરવાનું રહેશે.

૬) સંસ્થાએ ડીગ્રી અભ્યાસક્રમ માટે સેન્ટ્રલ કાઉન્સીલ ઓફ હોમીયોપેથીક, નવી દિલ્હીની મંજૂરી આપમેળે નિયત સમયમર્યાદામાં મેળવી લેવાની રહેશે.

૭) સેન્ટ્રલ કાઉન્સીલ ઓફ હોમીયોપેથીક, નવી દિલ્હીના તા.૪/૭/૮૮ના પત્ર ક્રમાંક : ૧૫૩૮૫/સીસીએમ,માં જણાવેલ તમામ શરતો પરિપૂર્ણ કરવાની રહેશે અને કાઉન્સીલ ધ્વારા નિયત કરાયેલ અભ્યાસક્રમના ન્યુનત્તમ ધોરણો કોલેજે અપનાવવાના રહેશે તેમજ નિયત પ્રવેશ અને પથારીઓનું ધોરણ અનુસરવાનું રહેશે.

૮) હોમીયોપેથીક કોલેજે તેની સંલગ્ન લેબોરેટરી તેમજ શિક્ષણ માટેની અન્ય સુવિધાઓ અંગે ગુજરાત હોમીયોપેથીક કાઉન્સીલ અને સેન્ટ્રલ કાઉન્સીલ ઓફ હોમીયોપેથીક તરફથી જે સગવડતાઓ ઉભી કરવાનું આવશ્યક ગણવામાં

પાન...૩

આવે તે તમામ સગવડતાઓ ઊભી કરવાની રહેશે.

૯) કોલેજનું ભવિષ્યમાં જોડાણ ચાલુ ન રહે તેવા સંજોગોમાં વિદ્યાર્થીઓને તેમનો અભ્યાસ પૂરો કરવાની જવાબદારી કોલેજ ચલાવતી સંસ્થાની રહેશે.

૧૦) સંસ્થાએ રાજ્ય સરકારે વખતોવખત નક્કી કર્યા પ્રમાણે અનુ.જાતિ, અનુ.જનજાતિ, બક્ષીપંચના ઉમેદવારો માટેની પ્રવેશ બેઠકો અનામત રાખવાની રહેશે.

૧૧) વિદ્યાર્થીઓના પ્રવેશો રાજ્ય સરકાર સૂચવે તે પ્રમાણે કોલેજે નિયત કરવાના રહેશે અને ફીનું ધોરણ પણ સરકારશ્રી વખતોવખત નક્કી કરે તે પ્રમાણે રાખવાનું રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જિ.કૃ.જાની )
નાયબ સચિવ,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
માન.મંત્રીશ્રી, આરોગ્ય તેમજ માન.રા.ક.મંત્રીશ્રી, આરોગ્યના અંગત સચિવશ્રીઓ.
x માન.મંત્રીશ્રી, આરોગ્ય તેમજ માન.રા.ક.મંત્રી [illegible], આરોગ્યના અંગત સચિવશ્રીઓ.
x નિયામકશ્રી, ભારતીય તબીબી અને હોમીયોપેથીક પધ્ધતિ, ગાંધીનગર.
x રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હોમીયોપેથીક કાઉન્સીલ, ઓપીડી બિલ્ડીંગ, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ.
x રજિસ્ટારશ્રી, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.
x સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
x સચિવશ્રી, સેન્ટ્રલ કાઉન્સીલ ઓફ હોમિયોપેથીક, ૬૦, કોમ્યુનિટી સેન્ટર, વસંતલોક, વસંત વિહાર, નવી દિલ્હી ,૧૧૦૦૫૭.
x જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી, અમદાવાદ.
x x પ્રમુખશ્રી, પારુલ આરોગ્ય સેવા મંડળ, કોઠી ચાર રસ્તા, વડોદરા.
x સીલેક્ટ ફાઈલ, મદદનીશ સીલેક્ટ ફાઈલ.

## ENGLISH TRANSLATION

NOTARY
KALPANA CHHOTALAL BHATT
AHMEDABAD
REGD No. 7930
EXPIRY DATE 19/5/2020
GOVT. OF INDIA
NOTARIAL
NOTARIAL

ANN-6

Inward No 576
Date:12/1/96
Signature : S/d

Serial No. 0892 2018
NOTARY
GOVT. OF INDIA
17 JUL 2018

Affiliation of Ahmedabad Homoeopathic Medical College, Ahmedabad to teach First year B.H.M.S.Course

Govt.of Gujarat
Health & Family Welfare Deptment.
Resolution No.HMC/1092/2252/Chh,
Sachivalay,Gandhinagar
Date: 12th Jan 1996.

Reference: (1) Resolution No.HMC/1092/2252/Chh dated 24-6-93 of Health & Family Welfare Department.
(2) Resolution No.UGJ/1595/5156/A.23/95/Kh dated 4-12-95 of Education Department.
(3) Notification No. UGJ/1595/5156/A.23/95/Kh dated 19-12-95

**// PREAMBLE//**

Ahmedabad Homoeopathic Medical College, Ahmedabad was granted Permission to teach D.H.M.S. Course, Diploma Course from education year 1993-94,subject to obtain recognition from Central Council of Homoeopathy by state Government. Ahmedabad Homoeopathic Medical College, Ahmedabad applied to permit to teach Degree Course in place of existing Diploma Course.Nacessary orders are issued by educational department granting sanction to affiliation with North Gujarat University in principle as shown in preamble above under reference. Government was also actively considering Ahmedabad Homoeopathic Medical College, Ahmedabad to permit admission of 100 seats in first year B.H.M.S. course from January 96'.

NOTARY
KELVIA CHHOTALAL BRAHMBHATT
AHMEDABAD
REGD No.
7935
GOVT. OF INDIA



**//RESOLUTION//**

After careful consideration, Government decided to grant sanction to admission of 100 students in first year B.H.M.S. from January 96' Subject to following term and conditions.

1) Ahmedabad Homoeopathic Medical College, Ahmedabad will obtain necessary 100 seats permission from Central Council of homoeopathy.
2) In the advertisement for admission, It will be clearly mentioned that institute is granted all sanction required to obtain under not.
3) If institute fails to obtain sanction by Central Homoeopathy Council Responsibilities arising to return fees to students and because of admission shall be of institute.
4) All expenditure arising by giving sanction to degree course to the institute the college including pay & other allowances of staff shall be done by institute at presents in future, and no grant will be asked from government.
5) The term and conditions decided by Government and University shall be within given time.
6) The institute shall obtain permission within time limit for degree course from Central Council of Homoeopathy, New Delhi.
7) The Institute shall obtain sanction from Central Council of CCH,dated 4-7-81 latter no 15385/CCH and small observe minimum standard laid down by Council and shall mention specially bed and admission strength.
8) The Homoeopathic College will create necessary facility in the laboratories and for academic education to required by Gujarat Homoeopathic Council and Central Council of Homoeopathy.

9) In affiliation is not continued in futute,It will responsibilities of the college to complete teaching to students.

10) The institute will keep certain seats reserved for SC,ST and Baxi Panch candidates as decided by Government.

11) Admission of the students and of fees will be made as per direction by Government from time to time.

**By order and in the name of the Governor of Gujarat.**

S/d
G.K.Jani
Deputy Secretary
Health & Family Welfare Dept.
Government of Gujarat

**Copy to:-**

1. Hon.Minister of Health and Hon. Minister of State, Health, P.S.of Health Department.
2. Director, Indian System of Medicine & Homoeopathy, Gandhinagar.
3. The Registrar, Gujarat Homoeopathic Council, OPD Building, Civil Hospital, Ahmedabad.
4. The Registrar, North Gujarat University,Patan.
5. The Secretary, Education Department, Gandhinagar
6. The Secretary, Central Council of Homoeopathy,10 Community Centre,Vasant lok,Vasant Vihar, New Delhi-110057.
7. District Ayurved officer,Ahmedabad.
8. The President,Parul Arogya Seva Mandal, Kothi Char Rasta,Vadodara.
9. Select File,Asst. Select File

Page No. 63
Compered by me.
Identified by me.

This is the True & Correct Translation of the Original document from Gujarati / Hindi Into English Whish Produce before me.
NOTARY

17 JUL 2018

પારુલ આરોગ્ય સેવા મંડળ દ્વારા સંચાલિત અમદાવાદ હોમિયોપેથી મેડીકલ કોલેજ બોપલ, અમદાવાદને એમ.ડી. (હોમિયોપેથી) કોર્ષ માટે માન્યતા આપવા બાબત.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:IWDMS NO:એચએમસી/૧૦૨૦૦૮/૩૯૨૭૦૩/છ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૨૭/૦૮/૨૦૦૮

A. H. M. C.
Inward No 7672
File No 42
Date 4/9/08

**વંચાણે લીધા:**

૧. સેન્ટ્રલ કાઉન્સીલ ઓફ હોમિયોપેથી, નવી દિલ્હીનો પત્ર ક્રમાંકનં.૧૯-૧૦/૨૦૦૧-સીસીએચ/૨૩૨૫૮, તા.૨૫/૯/૨૦૦૧
૨. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટીના પત્ર ક્રમાંક:પી.જી./૪૮૯૯/૨૦૦૮, તા.૨૦/૬/૨૦૦૮
3. ડીપાર્ટમેન્ટ ઓફ આયુષ, મિનિસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમીલી વેલફેર, ભારત સરકાર, નવી દિલ્હીનો પત્ર ક્રમાંક:આર/૧૧૦૧૧/03/2003-ઇ.પી., તા.૧૬/૪/૨૦૦૪
૪. નિયામકશ્રી, ભારતીય તબીબી અને હોમિયોપેથી પધ્ધતિની સરખા ક્રમાંકની ફાઇલ પરની નોંધ તારીખ: ૧/૮/૨૦૦૮

**આમુખ:-**

પારૂલ આરોગ્ય સેવા મંડળ સંચાલિત અમદાવાદ હોમિયોપેથી મેડીકલ કોલેજ બોપલ, અમદાવાદ ખાતે એમ.ડી. (હોમિયોપેથી) કોર્ષ માટે મટેરીયા મેડીકા, હોમિયોપેથીક ફીલોસોફી, હોમિયોપેથી રેપરટરી એમ ત્રણ વિષયોમાં વિષય દીઠ છ બેઠકો માટે સંદર્ભ (૧) ના પત્રથી સેન્ટ્રલ કાઉન્સીલ ઓફ હોમિયોપેથી દ્વારા મંજુરી આપવામાં આવેલ છે. સંદર્ભ (3) ના પત્રથી ભારત સરકાર દ્વારા હોમિયોપેથીક સેન્ટ્રલ કાઉન્સીલ (એમેડમેન્ટ) એકટ -૨૦૦૨ અન્વયે તા.૨૮/૧/2003 પછી નવો કોર્ષ આયુષ વિભાગ, ભારત સરકારની પુર્વ મંજુરી વગર કરી શકાશે નહી. પરંતુ સંદર્ભ (૧) ના પત્રથી સેન્ટ્રલ કાઉન્સીલ ઓફ હોમિયોપેથી દ્વારા તા.૨૫/૯/૨૦૦૧ થી મંજુરી આપેલ હોઇ હોમિયોપેથીક સેન્ટ્રલ કાઉન્સીલ (એમેડમેન્ટ) એકટ -૨૦૦૨ અન્વયે સંસ્થાને એમ.ડી. (હોમિયોપેથી) કોર્ષ શરુ કરવા આયુષ વિભાગ, ભારત સરકારની પુર્વ મંજુરીની આવશ્યકતા નથી.

૨. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી પાટણ દ્વારા સંદર્ભ (૨) ના પત્રથી જોડાણ માટે સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ છે. ઉપરોકત વિગતો ધ્યાને લઇ

એમ.ડી. (હોમિયોપેથી) નો અભ્યાસક્રમ સને ૨૦૦૮-૦૯ ના શૈક્ષણિક વર્ષથી શરુ કરવાની માન્યતા આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

સરકારશ્રીની કાળજી પુર્વકની વિચારણાને અંતે સ્વનિર્ભર અમદાવાદ હોમિયોપેથી મેડીકલ કોલેજ બોપલ, અમદાવાદ ને સને ૨૦૦૮-૦૯ ના શૈક્ષણિક વર્ષથી એમ.ડી.(હોમિયોપેથી) નો અભ્યાસક્રમ મટેરીયા મેડીકા, હોમિયોપેથીક ફીલોસોફી, હોમિયોપેથી રેપરટરી એમ ત્રણ વિષયોમાં વિષય દીઠ છ બેઠકો માટે શરૂ કરવાની માન્યતા નીચેની શરતોને આધિન રહીને આપવામાં આવે છે.

**શરતોઃ-**

૧. આ અભ્યાસક્રમ ચલાવવા માટે માન્યતા આપતા સંસ્થા/કોલેજ માટે હાલ તથા ભવિષ્યમાં કોલેજના સંચાલન માટે કર્મચારીઓના પગાર ભથ્થા સહિતનો તમામ ખર્ચ સ્વભંડોળમાંથી મેળવવાનો રહેશે અને સરકાર પાસેથી કોઇપણ પ્રકારની અનુદાન કે સહાય મળવાપાત્ર થશે નહી.

૨. રાજય સરકારશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી પાટણ, સેન્ટ્રલ કાઉન્સીલ ઓફ હોમિયોપેથી તથા ભારત સરકાર મુકે તે તમામ શરતોનું પાલન સંસ્થાને નિયત સમય- મર્યાદામાં કરવાનું રહેશે.

૩ સેન્ટ્રલ કાઉન્સીલ ઓફ હોમિયોપેથીના મીનીમમ સ્ટાર્ન્ડડ ઓફ એજયુકેશન રેગ્યુલેશન એકટ અન્વયેની જોગવાઇઓ પ્રમાણે ડીગ્રી અભ્યાસક્રમ શરૂ કરવા માટે આવશ્યક એવી તમામ ન્યુનત્તમ સવલતો જેવી કે શૈક્ષણિક સ્ટાફ, મકાન, લેબોરેટરી, સાધનો, હોસ્પિટલોની સગવડો, લાયબ્રેરી વિગેરે કોર્ષ શરૂ થયાના પ્રથમ સત્રથી ઉપલબ્ધી કરવાની રહેશે.

૪. હોમિયોપેથી કોલેજ તેની સંલગ્ન લેબોરેટરી તેમજ શિક્ષણ માટેની અન્ય સુવિધાઓ અંગે સેન્ટ્રલ કાઉન્સીલ ઓફ હોમિયોપેથીપ નવી દિલ્હી તરફથી કે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી પાટણ તરફથી જે સગવડતાઓ ઉભી કરવાનું આવશ્યક ગણવામાં આવે તે તમામ સગવડતાઓ ઉભી કરવાની રહેશે.

૫. સંસ્થાએ રાજય સરકારે વખતોવખત નકકી કર્યા પ્રમાણે અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, બક્ષીપંચના ઉમેદવારોને પ્રવેશ બેઠકો અનામત રાખવાની રહેશે.

૬. રાજય સરકારે વખતોવખત ઠરાવે તે પ્રમાણે નિયમો અને વિનિયમોનો અમલ કરવાનો રહેશે.

૭. સંસ્થાએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી પાટણ સાથે વખતોવખત જોડાણ મેળવવાનું રહેશે અને જોડાણ ન મેળવવાના કારણે ઉપસ્થિત થનાર પ્રશ્નો બાબતની સંપુર્ણ જવાબદારી સંસ્થાની પોતાની રહેશે.

૮. વિદ્યાર્થીઓના પ્રવેશ તથા ફી એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ મેડીકલ એજયુકેશન કોર્સિસ (રેગ્યુલેશન ઓફ એડમીશન એન્ડ ફીકસેશન ઓફ ફીઝ) તથા રાજય સરકાર સુચવે તે પ્રમાણે કોલેજે નિયત કરવાના રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી તેમના નામે,

(એસ.કે.જાદવ)
ઉપસચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ

**પ્રતિ,**

- માન.મંત્રીશ્રી (આ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (આ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સદસ્ય/સભ્ય સચિવશ્રી, એડમીશન કમિટી ફોર પ્રોફેસનલ મેડીકલ અજયુકેશન કોર્સિસ (રેગ્યુલેશન ઓફ એડમીશન એન્ચ ફીકસેશન ઓફ ફીઝ) અમદાવાદ
- નિયામકશ્રી, ભારતીય તબીબી અને હોમિયોપેથી પધ્ધતિ, ગાંધીનગર
- સભ્ય સચિવશ્રી, (આયુર્વેદ/હોમિયોપેથી) કેન્દ્રીય મેડીકલ પ્રવેશ સમિતિ, અમદાવાદ
- સેક્રેટરી, સેન્ટ્રલ કાઉન્સીલ ઓફ હોમિયોપેથી, ૬૧-૬૫, ઇન્સ્ટીસ્યુશનલ એરીયા, ડી બ્લોક સામે, જનકપુરી, નવી દિલ્હી-૧૧૦૦૫૮
- ટ્રસ્ટીશ્રી, પારુલ આરોગ્ય સેવા મંડળ, અમદાવાદ
- આચાર્યશ્રી, અમદાવાદ હોમિયોપેથીક મેડીકલ કોલેજ, બોપલ, અમદાવાદ
- રજીસ્ટ્રારશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી , પાટણ
- રજીસ્ટ્રારશ્રી, કાઉન્સીલ ઓફ હોમિયોપેથી મેડીસીન, નવી સીવીલ હોસ્પિટલ પાસે, કાઉન્સીલ હાઉસ, અમદાવાદ
- જીલ્લા આયુર્વેદ અધિકારીશ્રી, અમદાવાદ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, રાજકોટ/અમદાવાદ
- પસંદગી ફાઇલ

## ENGLISH TRANSLATION

NOTARIAL NOTARIAL

NOTARY GOVT. OF INDIA KALPNA CHHOTABHAI GANDHI AHMEDABAD REGD No. 7936 EXPIRY DATE 19/5/2020

NOTARIAL NOTARIAL

7

**Ahmedabad Homoeopathic Medical College**
**College, Bopal , Ahmedabad**
**Managed by Parul Arogya Seva Mandal**
**Permission for M.D (Hom.) Course**

**Government of Gujarat**
**Department of Health & Family Welfare**
**Resolution No.IWDMS NO: HMC/102008/392703/CHH.**
**Sachivalaya, Gnadhinagar**
**Date : 27/08/2008**

A.H.M.C
Inward No. 7672
File No. 42
Date 4/9/08

## REFERENCE:

1. Central Council of Homoeopathy, New Delhi Latter no. 19-10/2001-CCH/23258, Dated 25/09/2001
2. Hemachandracharya North Gujarat University, Letter No. PG/4899/2008 , Dated 20/06/2008
3. Department Of AYUSH, Ministry Of Health And Family Welfare, Government of India, New Delhi Letter no. R/11011/03/2003-E.P, Dated 16/04/2004
4. Note from Dated 1/08/2008 Director, Indian system of Medicine & Homoeopathy, File of even number.

## PREAMBLE:

As per the reference No. (1), Central Council of Homoeopathy has given the permission of six seats in each subject Materia Medica, Organon of Medicine and Homoeopathic Philosophy & Repertory for M.D. (Hom.) at Ahmedabad Homoeopathic Medical College managed by Parul Arogya Seva Mandal Vide the letter of Government of India. As per central council of homoeopathy (amendment) Act 2002, after 28/01/2003, new course cannot start without permission of AYUSH Department. But according to reference (1) Central Council Of Homoeopathy gave the permission on 25/09/2001,as per central council of Homoeopathy (amendment) act 2002,the institution has no need to take permission from AYUSH Department, Govt. of India.

2) Hemchandracharya North Gujarat University,Patan has given the consent by reference letter No (2) for affiliation.

Serial No......0891.....2018

NOTARY
GOVT. OF INDIA
17 JUL 2018

Acceding to above mentioned details, permission to start M.D. (Hom.) from academic year 2008-09 is under consideration of government.

## RESOLUTION:

After the careful consideration, Government allows to start M.D (Hom) course in three subjects Materia Medica,Organon of Medicine and homoeopathic philosophy and homoeopathic Repertory with annual intake of 6 seats in each subject under the following terms and condition.

## CONDITIONS:

1) All expenditure arising due to sanction to degree course the institute the college including & other allowances of staff shall be born by institute at present & in future, And The institution will not any eligible for grant State Government.
2) The Institution should fulfill all the terms and condition of state government Hemachandracharya North Gujarat University, patan central Council of Homoeopathy and Government of India Within n specified period.
3) As per the minimum standard of education and regulation act of Central Council of Homoeopathy New Delhi to star tM.D (Hom.) course, the institution should satisfy all the minimum requirements such as infrastructure, teaching staff Hospital facility and library facility etc before the staring first term.
4) The institution should provide all necessary facilities in the attached laboratory and for academic education as per amended requirement by Central Council of Homoeopathy New Delhi and Hemachandracharya North Gujarat University Patan.
5) The institution will keep certain seats reserved for SC, ST, and OBC candidates as decided by Government.
6) The institution should follow rules and regulation of state government within specified period.
7) The institution will take further affiliation from Hemachandracharya North Gujarat University, Patan. In case the institution will not get affiliation, it will be responsibility of the college to comply with all deficiencies.

8) The institution will carry out admission and fee will be as per admission and fees committee for professional medical education course (regulation of admission and fixation of fees) by order and in the name of Governor of Gujarat or order by Namely Governor, Government of Gujarat.

Sd/-

(S.K.Jadav)
Under Secretary
Department of Health & Family Welfare

To,

- The Secretary of Honorable Minister of Department of Health and Family Welfare, Schivalaya Gandhinagar.
- The Secretary of Honorable State Minister of Department of Health and Family Welfare, Schivalaya Gandhinagar.
- Member Secretary of admission and fees committee for professional medical education course (regulation of admission and fixation of fees),Ahmedabad.
- Director, Indian System of Medicine and Homoeopathy, Gandhinagar
- Member Secretary (Ayurveda / Homoropaht), Central medical admission committee, Ahmedabad
- The state Secretary, Central Council Of Homoeopathy , 61-65,Institutional area, opp. D.block, Janakpuri, New Delhi – 110058
- The Managing Trustee, Parul Arogya Seva Mandal Ahmedabad.
- The Principal, Ahmedabad Homoeopathic Medical College, Bopal,Ahmedabad
- The Registrar, Hemachandracharya North Gujarat University.Patan.
- The Registrar, Council Of Homoeopathy Medicine,Near New Civil Hospital, Council House, Ahmedabad.
- The Offecer District Ayurved, Ahmedabad.
- General Accountant Shree, Government of Gujarat, Rajkot / Ahmedabad.
- Select file.

This Is the True & Correct Translation of the Original document from Gujarati / Hindi Into English Which Produce before me.

NOTARY

17 JUL 2018

Page No. 63
Compered by me
Identified by me
Advocate Name
Serial No.

NOTARY
KALPNA CHHOTALAL BRAHMBHATT
AHMEDABAD
REG. NO. 7936
GOVT. OF INDIA